હુસેન સુન્નની સહિતની ગેંગ સામે ગુજસીટોકનો ગુનો પણ નોંધાયો હતો

માથાભારે હુસેન-હસન સુન્નીનો વેપારી પર હુમલો

કારેલીબાગ તથા નવાયાર્ડ વિસ્તારમાં વેપારીને આંતરી માર માર્યા બાદ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી, ગેંગના બે આરોપીની ધરપકડ

શહેરમાં સુન્ની બ્રધર્સનો આતંક ફરી વધ્યો : હુસેન અને હસન સુન્ની હજુ ઝડપાયા નથી

(પ્રતિનિધિ) વડોદરા,તા.20 કારેલીબાગના કાસમઆલા વિસ્તારમા રહેતા માથાભારે સુન્ની બ્રધર્સનો આતંક ફરી વધી રહ્યો છે. હાથીખાનાના વેપારીને માર માર્યા બાદ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેની બે અલગ અલગ ફરિયાદ કુંભારવાડા તથા ફતેગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. જેમાં પોલીસે ગેંગના ગુલામ તથા સાહબાસઝની ધરપકડ કરી લીધી છે જ્યારે બંને માથાભારે હુસેન અને હસન સુન્ની હજુ ઝડપાયા નથી. કારેલીબાગના હાથીખાના વિસ્તારમાં રહેતા નાવેદઅલી મહોરમઅલી અંસારી (ઉંમર 34) જે મજૂરી તથા રિક્ષા ડ્રાઇવિંગ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમણે નોંધાવી ફરિયાદ મુજબ, તેઓ ઓટો રિક્ષા દૈનિક રૂ.200 ભાડે લઈને ચલાવે છે. ગત 2 એપ્રિલના રોજ સવારે આશરે 8 વાગ્યે તેઓ પોતાની રિક્ષા લઈને હાથીખાના પાણીના પરબ રિક્ષા સ્ટેન્ડ પાસે ઉભા હતા. દરમિયાન એક કારમાં રીઢો આરોપી અને માથાભારે હુસેન કાદરમિયા સુન્ની અને મોહમ્મદ હલીમ ઉર્ફે હલીમા સલીમખાન પઠાણ તેમની પાસે આવી પહોંચ્યા હતા. ત્યારબાદ તેમની સાથે ગાળા ગાળી આપવાનું શરૂ કર્યું હતું. ત્યારે હુસેન સુન્નીએ નાવેદઅલીને પોતાના ભાઈના બાળકોને રિક્ષામાં સ્કૂલ મૂકવા ન જવા તથા તેની પત્નીનો ફોન આવે તો સેવા ન આપવા માટે દબાણ કર્યું હતું. સાથે જો તું 'નહીં માને તો તને જીવતો નહીં છોડું' કહી ધમકી આપી અને ગાલ પર થપ્પડ મારી માર માર્યો હતો. ત્યારબાદ મોહમ્મદ હલીમએ પણ 'અમારા વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ કરશો તો સુરસાગરમાં નાખી દેઈશું' તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પ્રારંભમાં ભયના કારણે નાવેદઅલીએ ફરિયાદ નોંધાવી નહોતી, પરંતુ ત્યારબાદ પણ આરોપીઓ ફતેગંજ વિસ્તારમાં તેમને હેરાન કરતા હોવાથી તેમણે 19 એપ્રિલના રોજ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે બંને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. બીજા બનાવમાં વિસ્તારમાં રહેતા નાવેદઅલી અન્સારી 19 એપ્રિલના રોજ પેપર પસ્તી ગોડાઉન પર લઈને જતા હતા. તે દરમિયાન નવા યાર્ડ વિસ્તારમાં જુના ઝઘડાની અદાવત રાખીને હુસેન સુન્નીનો ભાઈ હસન સન્ની સહિત અન્ય માથાભારે શખસો રિક્ષામાં બેસીને ત્યાં ધસી આવ્યા હતા. ત્યારબાદ ગુલામ અને શાહબાઝે વેપારીને પકડી રાખ્યા હતા જ્યારે માથાભારે હસન સન્નીએ તે મારા ભાઈ હુસેન સુન્ની વિરુદ્ધ પોલીસમાં અરજી કેમ આપી હતી તેમ કહી માર માર્યા બાદ છરો બતાવીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેથી વેપારીએ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ નોંધાવતા પોલીસે સાહબાજ અને ગુલામ ની ધરપકડ કરી છે જ્યારે હુસેન અને હશન સુન્નીને વોન્ટેડ જાહેર કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે કાસમ આલા ગેંગના મુખ્ય સૂત્રધાર હુસેન અને હસનની વિરુદ્ધ અગાઉ પણ અલગ અલગ ફરિયાદ સાથે ગુજસીટોકનો ગુનો પણ દાખલ થયો છે.

હજારો લીટર પાણીનો વેડફાટ

ખોડિયારનગરમાં વૈકુંઠ-2ના ગેટ પાસે પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20 વડોદરા શહેરના પૂર્વ વિસ્તાર ખોડિયારનગર સ્થિત વૈકુંઠ-2ના ગેટ પર પાણીની મુખ્ય લાઈનમાં થયેલા ભંગાણને કારણે રોજ સવારે-સાંજે હજારો લીટર પીવાનું પાણી વેડફાઈ રહ્યું છે. પાણીની લાઈન લીકેજ થતા લોકોના ઘરોમાં અપૂરતા પ્રેશરથી પાણી મળી રહ્યું હોવાની ફરિયાદ ઉઠી છે. રજૂઆત કરવા છતાં સમસ્યાનું નિરાકરણ નહિ થતા સ્થાનિક રહીશોમાં વ્યાપક રોષ ફેલાયો છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા હજુ સુધી કોઈ પગલાં લીધાં નથી. જેના કારણે પાણીનો ભારે વેડફાટ ચાલુ જ છે. પરંતુ, તંત્રના પેટનું પાણી હાલતું નથી. આ પહેલાં પણ આ વિસ્તારમાં પાણી અને ગટરની સમસ્યાઓ વારંવાર જોવા મળી છે. આ ભંગાણથી ખોડિયારનગરના રહેવાસીઓને દરરોજ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને તેમની નારાજગી વધી રહી છે. એક તરફ લોકોને પૂરતા પ્રેશરથી અને ચોખ્ખુ પાણી મળતું નથી. તેવામાં અવાર નવાર પીવાના પાણીની લાઈનોમાં ભંગાણ પડવાને કારણે પીવાના ચોખ્ખા પાણીનો વ્યય થવા માંડ્યો છે.

બે મોબાઈલ અને બાઈક કબજે લેવાઈ

મોબાઈલ સ્નેચિંગ કરનાર બે ગઠિયાને પોલીસે ઝડપી પાડ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.20 વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં કાલાઘોડા સર્કલ પાસેથી બનેલા મોબાઈલ સ્નેચિંગ કરનાર બે આરોપીઓને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી ચોરી કરાયેલા મોબાઈલ તથા મોટરસાયકલ સહિત કુલ રૂ. 55 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. તા. 20 એપ્રિલ 2026ના રોજ વહેલી સવારે નોંધાયેલા ગુનામાં ફરીયાદી કમાટીબાગ રોડ પર મોબાઈલ પર વાત કરતા જતા હતા ત્યારે બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ તેમનો મોબાઈલ ઝૂંટવી લઈ ફરાર થઈ ગયા હતા. પી.આઈ એસ.જે.પંડયાની સૂચના હેઠળ સયાજીગંજ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા તાત્કાલિક બાઈક સવાર ગઠિયાઓની તપાસ શરૂ કરાઈ હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે ફતેગંજના સદર બજાર બ્રિજ પાસે શંકાસ્પદ હાલતમાં ઉભેલા બે શખસને ઝડપાડવામાં આવ્યા હતા. પોલીસે તેમની પુછપરછ કરતા બંને આરોપીઓએ મોબાઈલ સ્ટેચિંગના ગુનાની કબૂલાત કરતા તેમની પાસેથી ચોરી કરાયેલો આઈફોન-13 મોબાઈલ તથા અન્ય સામાન મળી આવ્યો હતો. જેથી પોલીસે આરોપી જીગર રમેશ તડવી અને નિલેશ મહેશ વસાવાની બે મોબાઈલ અને બાઈક સાથે ધરપકડ કરી લેવામાં આવી છે.

આમોદમાં તળાવમાંથી મગર પાંજરે પુરાયો

(પ્રતિનિધિ) ભરૂચ,તા.20 ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં મગરના હુમલાની ઘટનાએ ચકચાર મચાવી દીધી છે. અશરફ પટેલ નામના યુવાન પર ત્યારે હુમલો કરવામાં આવ્યો જ્યારે તે તળાવ નજીક પશુઓ ચરાવવા ગયો હતો. આ ઘટનાને પગલે ગામમાં ભય અને આતંકનો માહોલ સર્જાયો હતો. ગ્રામજનો તળાવની નજીક જવાથી પણ ડરવા લાગ્યા હતા. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. લાંબી મહેનત બાદ તળાવમાંથી મગરને પકડી પાંજરે પૂરવામાં આવ્યો છે. વન વિભાગની આ કાર્યવાહી બાદ ગામજનતામાં રાહતનો શ્વાસ ફેલાયો છે. આ સમગ્ર ઘટનાએ વિસ્તારમાં હાલાકી સર્જી હતી, પરંતુ હવે મગર પકડાતા લોકોએ સાવચેતી સાથે દૈનિક પ્રવૃત્તિઓ ફરી શરૂ કરી છે.

તમારા ગ્લાસમાં 'રસ' છે કે 'રોગ'?

પાલિકા તંત્રનો ઠંડા પીણાંના સ્ટોલ્સ પર તપાસનો ધમધમાટ, કડક તાકીદ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20 શહેરમાં કાળઝાળ ગરમીની શરૂઆત થતાં જ ઠેર-ઠેર શેરડીના રસ, આઈસ્ક્રીમ, ગોળા અને વિવિધ ઠંડા પીણાંના સ્ટોલ્સ ધમધમવા લાગ્યા છે. નાગરિકોના સ્વાસ્થ્ય સાથે કોઈ બાંધછોડ ન થાય તે હેતુથી વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા એકમો પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ અંતર્ગત ખાસ કરીને શેરડીના રસના ચિચોડા, આઈસ્ક્રીમ પાર્લર અને ઠંડા પીણાં વેચતી દુકાનો પર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી આ તપાસમાં આધુનિક ટેકનોલોજીથી સજ્જ 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' વાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ મોબાઈલ લેબોરેટરી દ્વારા સ્થળ પર જ ખાદ્ય પદાર્થોના નમૂના લઈ તેનું પ્રાથમિક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા આ આધુનિક વાનનો ઉપયોગ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ભેળસેળિયા તત્વો પર લગામ કસવાનો અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ખોરાક મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે. મળતી માહિતી મુજબ, મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમે શહેરના જુદા-જુદા વિસ્તારોમાં મળીને કુલ 12 થી વધુ ફૂડ ઓપરેટરોને ત્યાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન શેરડીના રસમાં વપરાતા બરફની ગુણવત્તા, વપરાતું પાણી શુદ્ધ છે કે નહીં, અને સફાઈના ધોરણો જાળવવામાં આવે છે કે નહીં તેની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત, ઠંડા પીણામાં વપરાતા રંગો અને ગળપણ ના પ્રમાણની પણ તપાસ કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન જે એકમોમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળ્યો અથવા જ્યાં નિયમોનું ઉલ્લંઘન જણાતું હતું, તેવા વેપારીઓને સ્થળ પર જ નોટિસ ફટકારી જરૂરી સુધારા કરવા માટે સૂચના આપવામાં આવી હતી. આરોગ્ય વિભાગે વેપારીઓને તાકીદ કરી છે કે તેઓ પીવાના પાણીની ટાંકી સમયાંતરે સાફ કરે.

ઓવર હિટિંગના કારણે શોર્ટ સર્કિટ થયાનું અનુમાન

પોર જીઆઈડીસીની ફાઈબર કંપનીમાં શોર્ટ સર્કિટ થતા આગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20 વડોદરા શહેર નજીક પોર જીઆઈડીસીમાં આવેલી ફાઈબર કંપનીમાં એક મશીનમાં ઓવર હિટિંગના કારણે શોર્ટ સર્કિટ થયા બાદ આગ ફાટી નીકળતા હાજર કર્મચારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે કંપનીના કર્મચારીઓએજ ફાયર એક્ટીન્ગ્યુસરની મદદથી આગને બુઝાવી દીધી હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. વડોદરા શહેર સહિત રાજ્યમાં ગરમીના તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. જેની સાથે સાથે આગ લાગવાના બનાવો પણ સામે આવી રહ્યા છે. ત્યારે, શહેર નજીક આવેલા પોર જીઆઈડીસી ખાતે એક કંપનીમાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. જોકે, ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલા કર્મચારીઓએ મોટાભાગની આગ પર કાબુ મેળવી લીધો હતો. પોર જીઆઈડીસીમાં આવેલી ફાઈબર કંપનીમાં મશીનમાં ઓવર હિટિંગના કારણે શોર્ટ સર્કિટ થયું હોવાનું મનાય છે. આગ ફાટી નીકળતા કર્મચારીઓ બહાર દોડી ગયા હતા અને કેટલાક લોકોએ આગ કાબુમાં લેવા માટે પ્રયાસ શરૂ કરી દીધો હતો. ફાયર બ્રિગેડ પહોંચી ત્યારે મોટાભાગની આગ કાબુમાં લઈ લેવામાં આવી હતી. આ તબક્કે કેટલાક ગેસ સિલિન્ડર ત્યાં જોવા મળતા ફાયર બ્રિગેડ દ્વારા પ્રથમ તમામ સિલિન્ડર ખસેડી લેવાની કામગીરી કરવામાં આવી હતી. જેને કારણે દુર્ઘટના થતા ટળી હતી. સદનસીબે કોઈ જાનહાનિ નહિ થતા તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો.

લક્ઝરી બસ માલિકો પાસેથી લાખોનો દંડ વસૂલાયો

ટ્રાફિકથી ધમધમતા અમિત નગરથી ઊર્મિ બ્રિજ સુધી દબાણ શાખા ત્રાટકી

(પ્રતિનિધિ) વડોદરા,તા.20 વડોદરા શહેરના વોર્ડ નંબર 3 માં આવતા કારેલીબાગના અમિત નગર ચાર રસ્તાથી ઊર્મિ બ્રિજ સુધીના માર્ગ પર પાલિકાના દબાણ શાખા દ્વારા વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. લાંબા સમયથી આ વિસ્તારમાં ફૂટપાથ પર ગેરકાયદે રીતે પાર્ક થતી લક્ઝરી બસો અને પથારાવાળાઓ સામે સ્થાનિક નાગરિકોની ફરિયાદોને ધ્યાને લઈ આ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. સ્થાનિક રહેવાસીઓ અને રાહદારીઓ દ્વારા વારંવાર ફરિયાદ કરવામાં આવતી હતી કે ફૂટપાથ પર બસો ઉભી રહેવાને કારણે ચાલવા માટે જગ્યા બચતી નથી, જેના કારણે લોકોએ જીવના જોખમે રોડ પર ચાલવું પડે છે અને ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે હરણી પોલીસ સ્ટેશનનો કાફલો પણ સાથે રાખવામાં આવ્યો હતો. પોલીસની હાજરીમાં સમગ્ર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. આ અભિયાન મોડી રાત્રે 1:30 વાગ્યા સુધી ચાલ્યું હતું. ફૂટપાથ રોકીને ઉભી રહેતી 4 લક્ઝરી બસોને પાલિકાની ટીમે જપ્ત કરી હતી.નિયમોના ઉલ્લંઘન બદલ સંબંધિત માલિકો પાસેથી કુલ રૂપિયા 1,25,000 નો દંડ વસૂલવામાં આવ્યો હતો.ફૂટપાથ પર ગેરકાયદે રીતે ઉભી રહેલી લારીઓ અને ગલ્લાઓ સામે પણ પગલાં લેવાયા હતા. આ કાર્યવાહીમાં એક ટ્રક ભરાય એટલો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

શહેરના પનીર એનાલોગના વેપારીઓમાં ફફડાટ

ફૂડ સેફ્ટીની કાર્યવાહી, 10 યુનિટમાં આકસ્મિક તપાસ

(પ્રતિનિધિ), વડોદરા. તા.20 શહેરના રાવપુરા, સરદાર એસ્ટેટ, ખોડિયારનગર, ભાયલી, ગોત્રી, સમા-સાવલી રોડ, નિઝામપુરા અને ફતેપુરા જેવા વિસ્તારોમાં ખાદ્યપદાર્થો વેચતા 10 યુનિટો પર પાલિકાએ ઓચિંતું ચેકિંગ કર્યું હતું. આ તપાસ દરમિયાન પાલિકાની ટીમે કુલ 19 ખાદ્યપદાર્થોના નમૂના લીધા હતા, જેમાં, મરચા પાવડર, હળદર પાવડર, અથાણા સંભાર, ચણાદાળ અને ગ્રાઉન્ડનટ ઓઈલનો સમાવેશ થાય છે. પનીર, સ્પેશિયલ રંગોલી શ્રીખંડ, રાજભોગ આઈસ્ક્રીમ અને બ્લ્યુ ડાયમંડ આઈસ્ક્રીમના નમૂના પણ લેવાયા છે. વધુમાં, વેજ ફ્રાઇડ રાઇસ, વેજ મખની, ડ્રાય પનીર ટીક્કા, વેજ હક્કા નુડલ્સ અને હૈદરાબાદી દમ બીરીયાની જેવી તૈયાર વાનગીઓના પણ નમૂના લેવામાં આવ્યા છે. આ તમામ નમૂનાઓને વધુ તપાસ અને પૃથ્થકરણ અર્થે ફતેગંજ સ્થિત પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલ્યા છે. શહેરમાં ઘણા ફૂડ બિઝનેસ ઓપરેટરો અસલી પનીરને બદલે 'પનીર એનાલોગ' (નકલી પનીર) નો ઉપયોગ કરતા હોવાની ફરિયાદોને ધ્યાનમાં રાખી પાલિકાએ વ્યાપક ઝુંબેશ ચલાવી છે. ન્યાયમંદિર, દાંડિયાબજાર, કારેલીબાગ, અકોટા, અલકાપુરી અને માંજલપુર સહિતના 264 યુનિટોમાં તપાસ કરવામાં આવી હતી, જેમાં 11 ઉત્પાદક પેઢીઓ, 165 રેસ્ટોરન્ટ, 28 ધાબા અને અન્ય યુનિટોનો સમાવેશ થાય છે. આ કાર્યવાહી દરમિયાન પનીરના 9 નમૂના લેવામાં આવ્યા હતા. કારેલીબાગ વિસ્તારમાં એક ઉત્પાદક પેઢીમાંથી 6,090/- ની કિંમતનું 17.4 કિલો પનીર સીઝ કરવાની લાલબત્તી સમાન કાર્યવાહી કરવામાં આવી છે. માત્ર કાર્યવાહી જ નહીં, પણ જનજાગૃતિ માટે પાલિકાની 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' મોબાઈલ વાન કમાટીબાગ, સનફાર્મા રોડ અને માંજલપુર વિસ્તારમાં પહોંચી હતી.

ટ્રેલરે ટક્કર મારતા કાર 20 ફૂટ દૂર સુધી ઘસડાઈ,ચાલકનો બચાવ

વડસર બ્રિજ પાસે કાર અને સળિયા ભરેલા ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.20 વડોદરા શહેરના વડસર બ્રિજ પાસે અકસ્માતની ઘટના બની હતી. સળિયા ભરેલા એક ટ્રેલરે બાજુમાંથી પસાર થતી કારને ટક્કર મારતા કાર 20 ફૂટ સુધી ઘસડાઈ અને ઊંધી દિશામાં ફરી ગઈ હતી. સદનસીબે કારમાં સવાર વ્યક્તિઓનો આબાદ બચાવ થયો હતો. જો કે અકસ્માતને લઈને સ્થળ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. વડોદરા શહેરમાં અકસ્માતોના બનાવવામાં દિવસને દિવસે નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે, તેવામાં આજે વધુ એક અકસ્માતની ઘટના વડસર બ્રિજ પાસે બની હતી. જેમાં એક ટ્રેલરે કારને જોરદાર ટક્કર મારી હતી. મળતી માહિતી અનુસાર વડસર બ્રિજ પાસે આવેલી ખાનગી સ્કૂલો છુટતા સમયે આડેધડ થતા પાર્કિંગને કારણે ટ્રાફિકનું ભારણ રહેતું હોય છે અને રસ્તો સાંકડો બનતા ઘણી વખત વાહન ચાલકો વચ્ચે અંદરો અંદર ઘર્ષણ પણ થતું હોય છે. ત્યારે, આ માર્ગ ઉપરથી આજે એક કાર પસાર થઈ રહી હતી અને પાછળથી સળિયા ભરેલ ટ્રેલર આવી રહ્યું હતું. દરમિયાન ટ્રેલરે અચાનક કારને પાછળના ભાગે ટક્કર મારતા કાર 20 ફૂટ સુધી કાર ઘસડાઈને ટ્રેલર આગળ આવી ગઈ હતી. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી. પરંતુ, કારને મોટી માત્રામાં નુકસાન થયું હતું. બીજી તરફ અકસ્માતને પગલે રોડ ઉપર ટ્રાફિક જામ થયો હતો. બનાવની જાણ થતા જ સ્થાનિક પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને ટ્રાફિક હળવો કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

કચરો બાળવાના કારણે આગ લાગવાનું અનુમાન

આમોદ તિલક મેદાનના કેબિનમાં ભીષણ આગ

(પ્રતિનિધિ) ભરૂચ,તા.20 ભરૂચ જિલ્લાના આમોદ શહેરના વ્યસ્ત તિલકમેદાન વિસ્તારમાં સોમવારે એક કેબિનમાં અચાનક ભીષણ આગ લાગી હતી. જોતજોતામાં આગ એટલી વિકરાળ બની કે સમગ્ર કેબિન બળીને ખાખ થઈ ગઈ. આ ઘટનાને પગલે આસપાસના રહીશો અને વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી. આગ લાગવાના ચોક્કસ કારણની સત્તાવાર પુષ્ટિ થઈ નથી, પરંતુ સ્થાનિકોના જણાવ્યા અનુસાર તિલકમેદાનમાં કચરો બાળવામાં આવી રહ્યો હતો.

આ કચરાની આગના તણખા કેબિન સુધી પહોંચતાં ભીષણ આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે. આગમાં કેબિનમાં રહેલો તમામ સામાન સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો છે. આગની જાણ થતાં જ આમોદ નગરપાલિકાના ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ કાપરેલી મહેનત બાદ આગ પર કાબૂ મેળવી લીધો હતો અને આગને વધુ ફેલાતી અટકાવી હતી.

સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ કેબિન માલિકને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડ્યું છે. પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

ભોલાવ GIDCમાં ગોડાઉન બહાર પાર્ક કરેલી બાઈકની ચોરી

ભરૂચઃ ભરૂચના મક્તમપુર વિસ્તારમાં નર્મદા બંગ્લોઝમાં રહેતા અને કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા 24 વર્ષીય ભવાનસિંહ ગોપાલસિંહ રાજપુરોહિત ગત તારીખ 14/04/2026ના રોજ રાત્રે 11:00 વાગ્યે પોતાની હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ (નંબર GJ-16-CM-1610) લઈને ભોલાવ GIDC ખાતે આવ્યા હતા. તેમણે પોતાની બાઈક પુનમ સ્વીટ્સના ગોડાઉન બહાર પાર્ક કરી હતી અને પોતે અંદર કામ અર્થે ગયા હતા. બીજા દિવસે એટલે કે તારીખ 15/04/2026ના રોજ વહેલી સવારે 05:00 વાગ્યે કામ પૂર્ણ કરી તેઓ જ્યારે બહાર આવ્યા, ત્યારે પાર્ક કરેલી જગ્યાએ બાઈક જોવા મળી ન હતી. આજુબાજુના શોધખોળ કરવા છતાં કોઈ પત્તો લાગ્યો ન હતો. અંદાજે 20,000ની કિંમતની કાળા કલરની આ મોટરસાયકલ કોઈ અજાણ્યો તસ્કર ચોરી કરી ગયાનું જણાતા આખરે ભવાનસિંહે તારીખ 18/04/2026ના રોજ e-FIR મારફતે ફરિયાદ કરી હતી.

ગંદકી કરનારા વેપારીઓ સાવધાન! : તંત્ર એક્શનમાં

રાત્રે કચરો રોડ પર ફેંકતા 'રામકૃપા સ્ટોર' પર તંત્રે સીલિંગનું શસ્ત્ર ઉગામ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.20 વડોદરા શહેરને સ્વચ્છ બનાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર 14માં આજે કોર્પોરેશનના તંત્રએ લાલ આંખ કરી હતી. રોજ રાત્રે દુકાન વધાવ્યા બાદ જાહેરમાં કચરો ફેંકતા વેપારી સામે કાર્યવાહી કરતા તંત્રએ રામકૃપા સ્ટોરને સીલ મારી દીધું છે. શહેરમાં એક તરફ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ કેટલાક વેપારીઓ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. માંડવી-પાણીગેટ રોડ પર આવેલી 'રામકૃપા સ્ટોર' ના સંચાલક દ્વારા રોજ રાત્રે દુકાન બંધ કરતી વખતે અંદરનો કચરો બહાર જાહેર રસ્તા પર ફેંકી દેવામાં આવતો હતો. સફાઈ થઈ ગયા બાદ પણ આ રીતે અવારનવાર ગંદકી કરવાને કારણે સ્થાનિક તંત્રના ધ્યાને આ બાબત આવી હતી. તાજેતરમાં જ મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુએ રિવ્યુ બેઠક યોજી હતી, જેમાં તેમણે સફાઈ ઝુંબેશ પર ભાર મૂકતા સૂચના આપી હતી કે વારંવાર ગંદકી કરનારા તત્વો સામે કોઈપણ પ્રકારની શેહશરમ રાખ્યા વિના કડક કાર્યવાહી કરવી. આ સૂચનાના પગલે પૂર્વ ઝોનના ડેપ્યુટી કમિશનર સુરેશ તુવેરના માર્ગદર્શન હેઠળ વોર્ડ ઓફિસર મહેશ રબારી અને તેમની ટીમે આજે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન વેપારી દ્વારા નિયમિતપણે કચરો રસ્તા પર ફેંકાતો હોવાનું પુરવાર થતા, ટીમ દ્વારા તાત્કાલિક અસરથી દુકાનને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

વડોદરાની SSG હોસ્પિટલમાં નશાખોરનો તરખાટ

સુગર ચેક કરવાના બહાને ઘૂસી હોસ્પિટલમાંથી ઈન્જેક્શનની ચોરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.20 શહેરની સરકારી સયાજી હોસ્પિટલમાં એક ચોંકાવનારી અને અજીબોગરીબ ઘટના સામે આવી છે. નશાના રવાડે ચડેલા એક યુવાને નશો કરવા માટે હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડને નિશાન બનાવી ઈન્જેક્શનની ચોરી કરી હોવાનું બહાર આવ્યું છે. સિક્યુરિટી સ્ટાફની સતર્કતાને કારણે યુવાન રંગેહાથ ઝડપાઈ ગયો હતો. મળતી માહિતી મુજબ, મધ્યરાત્રિએ એક યુવાન સુગર લેવલ ચેક કરાવવાના બહાને SSG હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ઘૂસી આવ્યો હતો. નશાનો આદી આ યુવાન અડધી રાત્રે મેડિકલ સ્ટોર બંધ હોવાથી અને પોતાની પાસે નશા માટેનું સાધન ન હોવાથી ખૂબ જ લાચાર હતો. હોસ્પિટલમાં પ્રવેશ્યા બાદ તેણે હાજર તબીબોની નજર ચૂકવીને ટેબલ પર પડેલા ઈન્જેક્શન પોતાના ખિસ્સામાં સેરવી લીધા હતા. ઈન્જેક્શન ચોરી લીધા બાદ યુવાન શંકાસ્પદ રીતે હોસ્પિટલ પરિસરમાં આટાફેરા મારી રહ્યો હતો. હોસ્પિટલના સિક્યુરિટી સ્ટાફને તેની હિલચાલ પર શંકા જતા તેને અટકાવી પૂછપરછ કરી હતી. નશામાં ધૂત હોવાને કારણે યુવાન સરખી રીતે ઉભો પણ રહી શકતો ન હતો. જ્યારે સિક્યુરિટી જવાનોએ તેની અંગઝડતી લીધી ત્યારે તેના ખિસ્સામાંથી ચોરાયેલા ઈન્જેક્શન ઉપરાંત નસીલા પદાર્થની બે પડીકીઓ પણ મળી આવી હતી. યુવાનના હાથ તપાસતા તેના પર ઈન્જેક્શન દ્વારા નશો કરતા હોવાના સ્પષ્ટ નિશાન જોવા મળ્યા હતા.